આજની પ્રાર્થના....
અહો દેવના દેવ હો વિશ્વ સ્વામિ, કરૂ સ્તુતિ હું આપની શીશ નામી, દયાળુ પ્રભુ આપદાથી ઉગારો, દીનાનાથ તું એક આધાર અમારો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૦૩ | ૨૩ જુન, ૨૦૨૧, બુધવાર; જયેષ્ઠ સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# જીવનજરૂરી વસ્તુના ભાવમાં ૪૦ ટકા વધારો

## ભાવ વધારાથી ઘર ખર્ચમાં ૫ ટકાનો વધારો : આંકડા આ વર્ષે એપ્રિલ જૂન વચ્ચેના છે, ગયા વર્ષના આ સમયગાળામાં ઘર ચલાવવા માટે જે ખર્ચ થતો હતો તેના કરતા આ વર્ષે ૫ ટકાનો વધારો થયો છે



નવી દિલ્હી, તા. ૨૨
રોજીંદી જરુરિયાતની વસ્તુઓ અને અનાજ કરિયાણાના ભાવોમાં થયેલા ૪૦ ટકા સુધીના વધારાના કારણે મોંઘવારી વધી રહી છે અને લોકોના ઘરના બજેટ બગડી રહ્યા છે. દરેક ઘરના ખર્ચમાં સરેરાશ પાંચ ટકા સુધીનો વધારો થયો છે.

આ આંકડો આ વર્ષે એપ્રિલ જૂન વચ્ચેના છે. ગયા વર્ષના આ જ સમયગાળા દરમિયાન ઘર ચલાવવા માટે જે ખર્ચ થતો હતો તેના કરતા આ વર્ષે તેમાં પાંચ ટકાનો વધારો થયો છે. એક સ્ટાર્ટ અપ કંપનીના રિપોર્ટમાં આ તારણ કાઢવામાં આવ્યુ છે.

તેમાં કહેવામાં આવ્યુ છે કે, ફાસ્ટ મુવિંગ કન્ઝ્યુમર ગૂડ્સની કિંમતોમાં વધારાએ છેલ્લા પંદર દિવસનો રેકોર્ડ તોડી નાંખ્યો છે. લોટ, ખાંડ , દાળ અને રિટેલ સ્ટોર પર મળતી વસ્તુઓના ભાવમાં ઝડપથી વધારો થયો છે. મસાલાના ભાવમાં પણ વધારો દેખાઈ રહ્યો છે. જોકે પેક કરેલી વસ્તુઓના ભાવમાં વધારે તફાવત નથી દેખાયો. કંપનીએ પોતાનો આ અહેવાલ ૨૦ લાખ સ્ટોર પર વસ્તુઓના ભાવને ધ્યાનમાં રાખીને તૈયાર કર્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# ત્રીજી લહેરનો વૈજ્ઞાનિક આધાર નથી પણ હાલનો ટ્રેન્ડ જોખમી

## કેટલીક થિયરીઓના આધારે દેશમાં ઓક્ટોબર સુધીમાં ત્રીજી લહેર શરુ થશે તેવા નિષ્ણાતો દ્વારા દાવા થઈ રહ્યા છે

બેંગલુરુ
કોરોનાની બીજી લહેરે આખા દેશમાં ભયાનક સ્થિતિ સર્જી હતી, તેની અસર માંડ ઓસરી રહી છે ત્યારે ત્રીજી વેવની વાતો થવા લાગી છે. જોકે, બેંગલુરુના ટોચના વાયરોલોજિસ્ટ્સ અને હેલ્થકેર સાથે સંકળાયેલા એક્સપર્ટ્સ ત્રીજી લહેરને લઈને શંકા સેવી રહ્યા છે. તેમનું કહેવું છે કે આવનારા દિવસોમાં ગમે ત્યારે ત્રીજી લહેર શરુ થશે તેવી વાતને કોઈ વૈજ્ઞાનિક આધાર નથી. જોકે, લોકો હાલ જે રીતે માસ્ક તેમજ સોશિયલ ડિસ્ટન્સિંગની ચિંતા કર્યા વિના ફરી રહ્યા છે તે ટ્રેન્ડ ખતરનાક છે. ઉલ્લેખનીય છે કે, કેટલીક થિયરીઓના આધારે દેશમાં ઓક્ટોબર સુધીમાં ત્રીજી લહેર શરુ થશે તેવા દાવા કરાઈ રહ્યા છે, તો કેટલાક એક્સપર્ટ્સ તેના પહેલા જ થર્ડ વેવ આવી જશે તેવી ચેતવણી આપી રહ્યા છે.



પ્રતિષ્ઠિત મનાતી ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સના માઈક્રોબાયોલોજીના નિવૃત્ત પ્રોફેસર ડૉ. વિજયા આ અંગે જણાવે છે કે ત્રીજી લહેર આવશે તેવો દાવો કરવા માટે કોઈ સાયન્ટિફિક ડેટા કે પછી ટેકનિકલ આધાર નથી. જોકે, બીજી લહેર હવે ઓસરી રહી છે ત્યારે લોકોએ બેફિકરા બનીને ફરવાનું શરુ કરી દીધું છે. પબ્લિક માસ્ક તેમજ સોશિયલ ડિસ્ટન્સિંગને હવે ગંભીરતાથી નથી લઈ રહી તેવા સંજોગોમાં કેસોમાં ફરી વધારો થવાની શક્યતા ચોક્કસ છે.

જાણીતા વાયરોલોજિસ્ટ ડૉ. જેકબ જ્હોન જણાવે છે કે કોરોનાનો નવો વેરિયંટ ના આવે તો

● અનુસંધાન પાન-૭ પર

# કોવેક્સિન ત્રીજા ટ્રાયલમાં ૭૭.૮% અસરકારક

## ભારત બાયોટેકે વેક્સિનના ત્રીજા ટ્રાયલનો ડેટા સોંપ્યો : ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયાની એક્સપર્ટ કમિટીની સમીક્ષાનું તારણ

નવી દિલ્હી, તા. ૨૨
ભારતની સ્વદેશી કોવિડ-૧૯ વેક્સિન 'કોવેક્સીન' ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (ડીસીજીઆઈ) ની એક્સપર્ટ કમિટીની સમીક્ષામાં ૭૭.૮ ટકા અસરકારક જોવા મળી છે. હૈદરાબાદની દવા નિર્માતા કંપની ભારત બાયોટેકે હાલમાં મેડ ઈન ઈન્ડિયા કોવિડ-૧૯ વેક્સિનના ત્રીજા તબક્કાની ટ્રાયલનો ડેટા ડીજીસીઆઈને સોંપ્યો છે.

ભારતમાં વર્તમાનમાં જે ત્રણ વેક્સિનને દેશમાં કોરોના વિરુદ્ધ જંગમાં લોકોને લગાવવા માટે મંજૂરી આપવામાં આવી છે, તેમાં સ્વદેશી વિકસિત કોવેક્સીન પણ સામેલ છે.

આ વર્ષે એપ્રિલમાં ભારત બાયોટેકે કહ્યું હતું કે ત્રીજા તબક્કાના અંતરિમ વિશ્લેષણના આધાર પર કોવેક્સીન હળવા અને ગંભીર કોવિડ-૧૯ કેસમાં ૭૮ ટકા અસરકારક જોવા મળી છે. વેક્સિનના ત્રીજા તબક્કાની ટ્રાયલના ડેટા જારી કરવામાં વિલંબને કારણે હૈદરાબાદ સ્થિત દવા નિર્માતા કંપનીએ ભારે આલોચનાનો સામનો કરવો પડ્યો હતો.

ડીસીજીઆઈએ કોવેક્સીનના પ્રથમ અને બીજા તબક્કાના ટ્રાયલ ડેટાના આધાર પર ભારતમાં જાન્યુઆરી મહિનામાં ઈમરજન્સી ઉપયોગને મંજૂરી આપી હતી. કોવૈક્સીનનો ડેટા જારી કરવામાં થઈ રહેલા વિલંબ વચ્ચે શરૂઆતી સ્ટડીમાં તે દાવો કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

# દેશના ત્રણ રાજ્યોમાં ડેલ્ટા+ વેરિએન્ટની એન્ટ્રી : મહારાષ્ટ્રમાં ૨૧ કેસ નોંધાયા

ન્યુ દિલ્હી,તા.૨૨
કોરોનાની બીજી લહેર દેશ પર કહેર બનીને તૂટ્યો અને હજારોની સંખ્યામાં લોકોએ પોતાના જીવ ગુમાવી દીધા. એટલું જ નહીં કોરોનાનું ડેલ્ટા વેરિઅન્ટ ભારત જ નહીં પરંતુ દુનિયાના કેટલાંય દેશોમાં પ્રકોપ ફેલાવી રહ્યો છે. હવે તેનું વધુ એક નવું વેરિએન્ટ જન્મ લીધો જેને ડેલ્ટા પ્લસનું નામ આપ્યું છે. ભારતના કેટલાંય રાજ્યોમાંથી આ નવા વેરિએન્ટના કેસ આવવાનું શરૂ પણ થઈ ચૂકયું છે.



દેશના ત્રણ રાજયો મહારાષ્ટ્ર, કેરળ અને મધ્યપ્રદેશમાં ડેલ્ટા પ્લસ વેરિઅન્ટથી સંક્રમિત દર્દીઓ જોવા મળ્યા છે.

કોરોનાથી સૌથી વધુ પ્રભાવિત રાજ્ય મહારાષ્ટ્રમાં ડેલ્ટા પ્લસ વેરિઅન્ટના ૨૧ કેસ સામે આવ્યા છે. સ્વાસ્થ્ય મંત્રી રાજેશ ટોપે સોમવારના રોજ કહ્યું કે તેમાંથી ૯ કેસ રત્નાગિરિ, ૭ જલગાંવ, ૨ મુંબઈ આ સિવાય ૧-૧ સિંધુદુર્ગ, ઠાણે અને પાલગઢ જિલ્લામાંથી છે. સ્વાસ્થય મંત્રીએ કહ્યું કે રાજ્ય સરકારે હવે જીનોમ સિક્વેંસિંગનો નિર્ણય કર્યો છે અને દરેક જિલ્લામાંથી ૧૦૦ નમૂના લેવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. તેમણે કહ્યું કે ૧૫ મેથી અત્યાર સુધીમાં ૭૫૦૦ નમૂના લીધા છે, જેમાં ડેલ્ટા પ્લસની અંદાજે ૨૧ કેસ છે. બીજીબાજુ દક્ષિણના રાજ્ય કેરળમાં પણ ડેલ્ટા પ્લસ વેરિઅન્ટે દસ્તક દીધી છે. અહીંના બે જિલ્લા પલક્કડ અને

● અનુસંધાન પાન-૭ પર

# સેન્સેક્સ ૫૩,૦૦૦ની ઐતિહાસિક સપાટીએ

## સેન્સેક્સને ૧૦૦૦ પોઈન્ટ વધવામાં ૧૨૩ દિવસ લાગ્યા

મુંબઈ,તા.૨૨
ભારતીય શેરબજારો સપ્તાહના બીજી દિવસે ફ્લેટ બંધ રહ્યાં હતા. સેન્સેક્સ ૧૪ અંક વધી ૫૨૫૮૮ પર બંધ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૨૬ અંક વધી ૧૫૭૭૨ પર બંધ રહ્યો હતો. માર્કેટ શરૂ થયા પછી સેન્સેક્સ થોડા જ કલાકોમાં રેકોર્ડ ૫૩૦૦૦ની સપાટીએ પહોંચ્યો હતો. ઉલ્લેખનીય છે કે ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૧ના રોજ સેન્સેક્સ ૫૨,૦૦૦ની રેકોર્ડ સપાટીએ પહોંચ્યો હતો. આમ સેન્સેક્સને ૫૨૦૦૦ની રેકોર્ડ સપાટીએથી ૫૩૦૦૦એ પહોંચવામાં લગભગ ૧૨૩ દિવસનો સમય લાગ્યો છે.

સેન્સેક્સ પર મારૂતિ સુઝુકી, લાર્સન, અલ્ટ્રાટેક સિમેન્ટ, ્ઝજી, ઈન્ફોસિસ સહિતના શેર વધીને બંધ રહ્યાં હતા. મારૂતિ સુઝુકી ૫.૦૨ ટકા વધી ૭૨૪૮.૦૫ પર બંધ રહ્યો હતો. લાર્સન ૨.૨૬ ટકા વધી ૧૫૦૦.૦૦ પર બંધ રહ્યો હતો. જોકે એશિયન પેઈન્ટ્સ, બજાજ ફાઈનાન્સ, નેસ્લે, HUL, ઈન્ડસઈન્ડ બેંક સહિતના શેર ઘટીને બંધ રહ્યો હતો. એશિયન પેઈન્ટ્સ ૧.૭૩ ટકા ૩૦૧૬.૪૦ પર બંધ રહ્યો હતો. બજાજ ફાઈનાન્સ ૧.૫૭ ટકા ઘટી ૬૦૨૦.૦૦ પર બંધ રહ્યો હતો.




ભારતીય શેરબજારો સપ્તાહના પ્રથમ દિવસે વધીને બંધ રહ્યાં હતાં. સેન્સેક્સ ૨૩૦ અંક વધી ૫૨,૫૭૪ પર બંધ રહ્યો હતો, જ્યારે નિફ્ટી ૬૩ અંક વધી ૧૫,૭૪૬ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સ પર NTPC, ટાઈટન કંપની, SBI, અલ્ટ્રાટેક સિમેન્ટ સહિતના શેર વધીને બંધ રહ્યા હતા. NTPC ૩.૮૭ ટકા વધીને ૧૧૭.૯૫ પર બંધ રહ્યો હતો. ટાઈટન કંપની ૧.૮૭ ટકા વધીને ૧૭૪૦.૮૫ પર બંધ રહ્યો હતો. જોકે મારુતિ સુઝુકી, TCS, ટેક મહિન્દ્રા, એમએન્ડએમ, લાર્સન સહિતના શેર ઘટીને બંધ રહ્યા હતા. મારુતિ સુઝુકી ૦.૮૨ ટકા ઘટીને ૬૯૦૧.૫૦ પર બંધ રહ્યો હતો. ટીસીએસ ૦.૭૪ ટકા ઘટીને ૩૨૭૨.૪૫ પર બંધ રહ્યો હતો.

# આવતીકાલે યોજાનાર વડાપ્રધાન મોદીની બેઠકમાં ફારુક અબ્દુલ્લા-મુફ્તિ સામેલ થશે

## કાશ્મીર મુદ્દે પાકિસ્તાન સાથે વાત કરોઃ મહેબૂબા

ન્યુ દિલ્હી,તા.૨૨
જમ્મુ અને કાશ્મીર મુદ્દે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે ૨૪ જૂનના રોજ થનારી પ્રાદેશિક પક્ષોની સર્વપક્ષીય બેઠકમાં નેશનલ કોન્ફરન્સના પ્રમુખ ફારુક અબ્દુલ્લા અને પીડીપી પ્રમુખ મહેબૂબા મુફ્તી સામેલ થશે.



પીએમ મોદી સાથે થનારી બેઠક અગાઉ આજે શ્રીનગરમાં ફારૂક અબ્દુલ્લાની અધ્યક્ષતામાં તેમના ઘરે ગુપકાર પાર્ટીઓની બેઠક યોજાઈ. જેમાં મહેબૂબા મુફ્તી સહિત ૭ નેતાઓ હાજર રહ્યા. આ બેઠકમાં પીએમ મોદી દ્વારા યોજવામાં આવેલી બેઠકમાં હાજરી આપવાના વિષય પર ચર્ચા થઈ.

પીડીપી પ્રમુખ મહેબૂબા મુફ્તીએ કહ્યું કે 'અમે ડાઈલોગની વિરુદ્ધમાં નથી, પરંતુ અમે જરૂર ઈચ્છીએ છીએ કે કેટલાક કોન્ફિડન્સ બિલ્ડિંગ મેજર હોવા જોઈએ. સમગ્ર દેશમાં કોરોના વાયરસ મહામારી દરમિયાન કેદીઓને છોડી મૂકવામાં આવ્યા. જમ્મુ કાશ્મીરમાં પણ એવું થવું જોઈતું હતું. જમ્મુ અને કાશ્મીરના રાજકીય અને અન્ય કેદીઓનો પણ છૂટકારો થવો જોઈતો હતો.'

મહેબૂબાએ વધુમાં કહ્યું કે 'તેમનો જે પણ એજન્ડા હશે, અમે અમારા એજન્ડા તેમની સમક્ષ રજુ કરીશું અને આશા રાખીશું કે અમારા જવાથી ઓછામાં ઓછું એટલું તો થાય કે જેલોમાં કેદ અમારા લોકોનો છૂટકાર થાય. જો છોડી ન શકે તો ઓછામાં ઓછું જમ્મુ અને કાશ્મીર લાવે, જેથી કરીને તેમના પરિવારના લોકો તેમને મળી શકે.'

મહેબૂબા મુફ્તીએ કહ્યું કે ગુપકાર ગઠબંધનનો જે એજન્ડા છે તે હેઠળ અમે વાત કરીશું. અમારી પાસેથી જે છીનવી લેવાયું છે, જે ખોટું કરાયું છે તેના પર વાત કરીશું. તે ગેરકાયદેસર અને ગેરબંધારણીય છે. તેને બહાર કર્યા વગર જમ્મુ કાશ્મીરમાં અમન બહાલ કરી શકાય નહીં. આ સાથે જ મહેબૂબા મુફ્તીએ કહ્યું કે ભારત સરકારે કાશ્મીર મુદ્દે પાકિસ્તાન સાથે પણ વાત કરવી જોઈએ.

# પૂર્વ રાષ્ટ્રપતિ મુખર્જીના પુત્ર TMCમાં જોડાય તેવી અટકળ

## કોંગ્રેસના નેતા અભિજિત મુખર્જી અને ટીએમસીના રાષ્ટ્રીય મહાસચિવ અભિષેક બેનર્જી વચ્ચે બેઠક યોજાઈ

નવી દિલ્હી, તા. ૨૨
પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીના પુત્ર અને કોંગ્રેસના નેતા અભિજિત મુખર્જી પણ કોંગ્રેસ સાથે છેડો ફાડીને ટીએમસીમાં જોડાય તેવી અટકળોને ફરી વેગ મળ્યો છે.

અભિજીત મુખરજીએ ગઈકાલે રાતે મમતા બેનરજીના ભત્રીજા અને ટીએમસીના રાષ્ટ્રિય મહાસચિવ અભિષેક બેનરજી સાથે બેઠક યોજી હતી. અભિજીત મુખરજી અભિષેક બેનરજીને તેમના ઘરે રાતે મળવા માટે ગયા હતા. જોકે ટીએમસીમાં સામેલ થવા અંગે કોઈ નિવેદન તેમના તરફથી આવ્યુ નથી.



આ પહેલા જયારે આ પ્રકારની અટકળો ચાલી હતી ત્યારે અભિજિત મુખરજીએ જ તેને રદિયો આપ્યો હતો. ઉલ્લેખનીય છે કે, મુખરજી કોંગ્રેસ પાર્ટીમાંથી ચૂંટણી લડીને પૂર્વ સાંસદ પણ રહી ચુકયા છે. ૯ જૂનના રોજ મુખરજીએ પોતાના ઘરે ટીએમસીના નેતાઓ સાથે મુલાકાત કરી હતી અને તે પછી તેઓ ટીએમસીમાં જોડાઈ રહ્યા હોવાનુ મનાઈ રહ્યુ હતુ. જોકે એ પછી મુખરજીએ પત્રકાર પરિષદમાં કહ્યુ હતુ કે, તેઓ ટીએમસીમાં સામેલ થવાના નથી. એ પછી તેમણે આવુ ટ્વિટ પણ કર્યુ હતુ અને બાદમાં ડિલિટ પણ કરી નાંખ્યુ હતુ. બીજી તરફ ભાજપમાંથી ટીએમસીમાં જોડાઈ રહેલા નેતાઓની યાદી લાંબી થઈ રહી છે. ભાજપના અન્ય એક નેતા અને અલીપુરદ્વારાના જિલ્લા અધ્યક્ષ પણ ટીએમસીમાં સામેલ થયા છે. ચૂંટણી પહેલા ભાજપમાં જોડાયેલા સંખ્યાબંધ નેતાઓ ટીએમસીમાં પાછા જોડાવા માટે મમતા બેનરજીને રીતસરના કાલાવાલા કરી રહ્યા છે.

# ત્રીજા-ચોથા મોરચાથી ભાજપને ટક્કર આપવી અશક્ય : પ્રશાંત

## ચૂંટણી સ્ટ્રેટેજિસ્ટ પંદર દિવસમાં બે વાર પવારને મળ્યા : પવાર દ્વારા ત્રીજો મોરચો રચવાની અટકળો વચ્ચે પ્રશાંત કિશોરનુ નિવેદન આવ્યુ, ત્રીજા મોરચામાં ભૂમિકાનો ઈનકાર

નવી દિલ્હી, તા. ૨૨
એનસીપી પ્રમુખ શરદ પવાર સાથે પંદર દિવસમાં બે વખત મુલાકાત કરનાર ચૂંટણી સ્ટ્રેટેજિસ્ટ પ્રશાંત કિશોરનુ માનવુ છે કે, ત્રીજો કે ચોથો મોરચો બનાવવાથી ભાજપને ટક્કર આપી શકાય તેમ નથી.

હાલમાં શરદ પવાર દ્વારા ત્રીજો મોરચો રચવાની ચાલી રહેલી અટકળો વચ્ચે પ્રશાંત કિશોરનુ આ નિવેદન આવ્યુ છે. તેમણે લોકસભાની આગામી ચૂંટણી માટે ત્રીજો મોરચો બનાવવામાં પોતાનો કોઈ રોલ હોવાનો પણ ઈનકાર કર્યો છે. ન્યૂઝ ચેનલ સાથેની વાતચીતમાં તેમણે કહ્યુ હતુ કે, હાલની સ્થિતિમાં ત્રીજા મોરચાનો કોઈ રોલ દેખાતો નથી.

આજે શરદ પવારે પંદર પાર્ટીઓની બેઠક બોલાવી છે અને તેમાં ભાજપને ટક્કર આપવા માટે ત્રીજો મોરચો રચવાના મુદ્દે ચર્ચા થઈ શકે છે ત્યારે પ્રશાંત કિશોરનુ નિવેદન આશ્ચર્યજનક છે. કારણકે આ પહેલા એવા અહેવાલો સામે આવ્યા હતા કે, ભાજપની સામે ચૂંટણી જીતવા માટે પ્રશાંત કિશોરે જ શરદ પવારને સલાહ આપી હતી કે, તમામ પાર્ટીઓએ ભેગા થઈને ભાજપ સામે ચૂંટણી લડવી જોઈએ.



આ બેઠક અંગે શિવસેનાનુ કહેવુ છે કે, આ તમામ વિપક્ષી પાર્ટીઓની બેઠક છે તેવુ ના કહી શકાય. કારણકે તેમાં સમાજવાદી પાર્ટી, બહુજન સમાજવાદી પાર્ટી, વાયએસઆર કોંગ્રેસ, ટીડીપી અને ટીઆરએસ જેવી પાર્ટીઓ ભાગ નથી લેવાની.

એવુ પણ કહેવાઈ રહ્યુ છે કે, શરદ પવાર આ બેઠક બાદ ત્રીજો મોરચો બનાવવા માટે આગળ કવાયત કરી શકે છે. આ માટે તેઓ આગેવાની લેવા પણ તૈયાર છે. જોકે બેઠક બાદ જ ત્રીજા મોરચાની શક્યતા કેટલી છે તે જાણી શકાશે.